શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

3

# શ્રી ઠાણાંગ સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.

પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી

– સાધ્વી સુબોધિકા

## અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
## શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

અહો ગુરુદેવ!
આપની આજ્ઞા સહ પરમ કૃપાએ
સાકાર પામેલી ગુરુ પ્રાણ
આગમ બત્રીસી આધારિત
આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે
આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી ઠાણાંગ સૂત્ર

શ્રી ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્ર ત્રીજું અંગ શાસ્ત્ર છે. તેમાં ૧૦ સ્થાન (અધ્યયન) છે. તેમાં સંખ્યાના આધારે વિષયોનું સંકલન છે. પ્રથમ સ્થાનમાં એક-એક સંખ્યાવાળા, બીજા સ્થાનમાં બે-બે સંખ્યાવાળા, ત્રીજા સ્થાનમાં ત્રણ-ત્રણ સંખ્યાવાળા વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે. આ રીતે ઉત્તરોતર વૃદ્ધિ પામતા સંખ્યાક્રમથી દશમા સ્થાનમાં દશ-દશ સંખ્યક વિષયોનું પ્રતિપાદન છે. પ્રસ્તુત આગમમાં સંખ્યાના આધારે વિષયોનું કથન હોવાથી કોઈ પણ પ્રકારના ક્રમ વિના જીવ, પુદ્‌ગલ, ઈતિહાસ, ગણિત, ભૂગોળ, ખગોળ, દર્શન, આચાર, મનોવિજ્ઞાન વગેરે શતાધિક વિષયો સંકલિત છે. આ આગમમાં એક-અનેક સંખ્યક કથન સાપેક્ષ છે. તેની વિચારણા સામાન્ય અને વિશેષની અપેક્ષાએ કરવામાં આવી છે, જેમ કે પ્રથમ સ્થાનમાં સામાન્ય અપેક્ષાએ દંડ એક કહ્યો છે અને ત્રીજા સ્થાનમાં  વિશેષ અપેક્ષાએ ત્રણ દંડ કહ્યા છે. સંગ્રહનય સામાન્ય ગુણને ગ્રહણ કરે છે. પ્રત્યેક વસ્તુ, પદાર્થ કે દ્રવ્યમાં સામાન્ય અને વિશેષ બંને ગુણધર્મ હોય છે. લોકના સર્વ મનુષ્યમાં મનુષ્યત્વ (મનુષ્યપણું) સમાન છે. સંગ્રહનય સર્વ મનુષ્યને મનુષ્યરૂપે નિહાળે છે. સંગ્રહનય વસ્તુના

સામાન્ય ગુણધર્મને ગ્રહણ કરે છે. વ્યવહારનય વસ્તુમાં રહેલા વિશેષ ગુણને ગ્રહણ કરે છે. મનુષ્યોમાં કોઈ કાળા, કોઈ ગોરા, કોઈ પીળા હોય છે. વ્યવહારનય તે વિશેષતા તરફ દૃષ્ટિ રાખે છે, તેથી તે મનુષ્યના કાળા, ગોરા, પીળા, ઘઉંવર્ણા વગેરે ભેદને સ્વીકારે છે. પુનઃ સંગ્રહનય ગોરા મનુષ્યોમાં ગૌરવર્ણની સમાનતાને સ્વીકારી બધા ગોરા મનુષ્યને એક ગણે છે. વ્યવહારનય ગોરામનુષ્યમાં ઈટાલીયન, જર્મની, પોર્ટુગીઝ વગેરે ભેદ કરે છે. આ રીતે સંગ્રહનય બધામાં એકતા જુએ છે, વ્યવહારનય ભિન્નતા જુએ છે.

સંગ્રહનય અભેદ દષ્ટા છે, સંગ્રહનયથી વસ્તુનો વિચાર કરવામાં આવે ત્યારે વસ્તુગત ભેદ (ભિન્નતા) ઢંકાઈ જાય છે. વ્યવહારનય ભેદ દષ્ટા છે, વ્યવહારનયથી વસ્તુતત્ત્વનો વિચાર કરવામાં આવે ત્યારે અભેદ (એકત્વ) ઢંકાઈ જાય છે. આ શાસ્ત્રના પ્રથમ સ્થાનમાં સંગ્રહનયની દષ્ટિએ સંકલન છે અને શેષ બીજા, ત્રીજા, વગેરે સર્વ સ્થાનમાં વ્યવહારનયની દષ્ટિએ સંકલન છે.

## પ્રથમ સ્થાન

આત્મા અનંત હોવા છતાં ચૈતન્ય, ઉપયોગરૂપ લક્ષણની અપેક્ષાએ આત્મા એક છે. ★ દંડ એક છે.

કર્મબંધના કારણરૂપ પરિણતિને દંડ કહે છે. અર્થદંડ, અનર્થદંડ, મનદંડ વગેરે સર્વ દંડોમાં આત્માને કર્મથી આવરિત કરવાની શકિત સમાન હોવાથી દંડને એક કહ્યો છે.

જીવ અને પુદ્ગલની ગતિમાં સહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય, સ્થિતિમાં સહાયક અધર્માસ્તિકાય દ્રવ્ય અને સર્વ દ્રવ્યને સ્થાન આપનાર આકાશ દ્રવ્ય એક અને અખંડ દ્રવ્યરૂપ છે, તેથી તેને એક કહ્યા છે. ★ બંધ, મોક્ષ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા એક છે. ★ ક્રોધાદિ કષાય અને યોગના નિમિતે કર્મપુદ્ગલો આત્મા સાથે જોડાઈ જાય તેને બંધ કહે છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ વગેરે ભેદોમાં બંધાવાપણું સમાન છે, તેથી બંધ એક છે. ★ સમસ્ત કર્મોના નાશને મોક્ષ કહે છે. આઠે કર્મોના ક્ષયની અપેક્ષાએ મોક્ષના આઠ પ્રકાર છે, તે સર્વમાં મોચનક્રિયા–છુટવાપણું સમાન છે. પુણ્યમાં શુભત્વ, પાપમાં અશુભત્વ સમાન છે. આશ્રવોમાં કર્મ આવવાની, સંવરમાં આવતા કર્મોને રોકવાની, વેદનામાં વેદવા–ભોગવવાપણાની અને નિર્જરામાં કર્મોની આત્માથી દૂર થવા રૂપ ક્રિયા સમાન છે, માટે તે સર્વને એક કહ્યા છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એક છે. લબ્ધિ–શકિતની અપેક્ષાએ એક જીવમાં એક સાથે બે, ત્રણ, ચાર જ્ઞાન

સંભવે છે, પણ ઉપયોગની અપેક્ષાએ કોઈપણ એક જ જ્ઞાનનો ઉપયોગ હોય છે માટે જ્ઞાન એક છે. જ્ઞાન, દર્શન, ચારિત્રના અનેક પ્રકારોમાં જ્ઞાનત્વ, દર્શનત્વ, ચારિત્રત્વ સમાન છે.

અવસર્પિણીકાળ એક છે. સુષમસુષમા કાળ વગેરે એક-એક છે. પ્રત્યેક અવસર્પિણી કાળમાં મનુષ્યોના બુદ્ધિ, દેહમાન, આયુષ્ય તથા પુદ્‌ગલના વર્ણ, ગંધ, આદિ ક્ષીણ થતા જાય છે માટે તે એક છે. પ્રત્યેક સુષમસુષમા કાળ (પ્રથમ આરા) વગેરેના ભાવ એક સમાન હોય છે માટે તેને એક કહ્યા છે.

સર્વદ્વીપ-સમુદ્રોની એકદમ મધ્યમાં રહેલો જંબૂદ્વીપ એક છે. મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે, તેમાં પુડલા કે ચંદ્ર જેવો ગોળાકારે એક જ જંબૂદ્વીપ છે, બાકીના બધા દ્વીપો ચૂડી જેવા (વલયાકાર) ગોળ છે. તે એક જ હોવાથી એક સંખ્યક ગણનામાં તેની ગણના કરી છે.

★ ભગવાન મહાવીર સ્વામી એકલા મોક્ષે પધાર્યા. ૨૩ તીર્થંકરો મોક્ષે પધાર્યા ત્યારે તેમની સાથે મોક્ષે જનારા અન્ય સાધુઓ હતા. ★ અનુત્તર વિમાનવાસી દેવોની ઊંચાઈ એક હાથની હોય છે. ★ આર્દ્રા, ચિત્રા અને સ્વાતિ નક્ષત્રને એક-એક તારા છે.

## બીજુ સ્થાન

આ સ્થાનમાં ચાર ઉદ્દેશક છે. આ લોકમાં જે વસ્તુ અસ્તિત્વ ધરાવે છે, તેની પ્રતિપક્ષી અન્ય વસ્તુ અવશ્ય હોય છે, જેમકે જીવ-અજીવ, ત્રસ-સ્થાવર, સઆયુ-નિરાયુ વગેરે. લોકમાં ચૈતન્ય સ્વરૂપી જીવ છે. તો ચૈતન્યરહિત જડસ્વરૂપી અજીવ પણ છે. પોતાના સુખ:દુઃખના કારણે ગમનાગમન કરે તેવા ત્રસ જીવો છે, તો નિજ સુખ-દુઃખના કારણે ગમનાગમન ન કરી શકે તેવા સ્થાવર જીવો છે. આયુષ્યકર્મથી યુક્ત સંસારી જીવો છે, તો આયુષ્યકર્મથી રહિત સિદ્ધભગવંતો પણ છે. આ રીતે જૈનદર્શન એક અપેક્ષાએ દ્વૈત (બે) નો પણ સ્વીકાર કરે છે. ★ બે-બે ક્રિયાઓના કથનપૂર્વક ૨૪ ક્રિયાઓનું અને તેના બે-બે ભેદ કરી ક્રિયાના અવાંતર ભેદોનું કથન છે. **૧.** જીવદ્વારા થતી ક્રિયા **૨.** અજીવ દ્વારા થતી ક્રિયા **૩.** કેવળ શરીર દ્વારા કરવામાં આવતી ક્રિયા **૪.** શસ્ત્રપ્રયોગ રૂપ ક્રિયા **૫.** દ્વેષ ભાવથી જીવ–અજીવ પર દ્વેષ કરવા રૂપ ક્રિયા **૬.** બીજાને સંતાપ પહોંચાડવાથી લાગતી ક્રિયા **૭,** જીવોના પ્રાણ નષ્ટ કરવા રૂપ ક્રિયા **૮.** અવિરતિના કારણે લાગતી ક્રિયા **૯.** આરંભ-હિંસાજન્ય ક્રિયા **૧૦.** ધન-ધાન્યાદિને એકત્રિત કરવા કે તેની સુરક્ષા માટે થતી પ્રવૃત્તિ **૧૧,** માયાને કારણે

લાગતી ક્રિયા **૧૨.** મિથ્યાત્વના કારણે લાગતી ક્રિયા **૧૩.** રાગને વશીભૂત વ્યકિત દ્વારા રૂપાદિને જોવા રૂપ ક્રિયા **૧૪.** વસ્તુને સ્પર્શવા રૂપ ક્રિયા **૧૫.** બહારની વસ્તુ પર રાગ-દ્વેષ કરવા રૂપ ક્રિયા **૧૬.** પોતાની વસ્તુ આદિની પ્રશંસા સાંભળી, તેમાં પ્રસન્ન થવા રૂપ ક્રિયા **૧૭.** પોતાના હાથે થનારી ક્રિયા, **૧૮.** વસ્તુને ફેંકવાથી લાગતી ક્રિયા **૧૯.** આજ્ઞા આપવાથી લાગતી ક્રિયા, **૨૦.** વસ્તુનું છેદન–ભેદન કરવાથી લાગતી ક્રિયા **૨૧.** અજ્ઞાન અને અસાવધાનીથી લાગતી ક્રિયા **૨૨.** સ્વપરના શરીરને ડામ દેવા, ખસી કરવા રૂપ ક્રિયા **૨૩.** માયા અને લોભ રૂપ રાગના નિમિતે લાગતી ક્રિયા **૨૪.** ક્રોધ અને માન રૂપ દ્વેષના નિમિતે લાગતી ક્રિયા.

જ્ઞાન અને ચારિત્ર, આ બે દ્વારા સંસારના ગહન વનને પાર કરી શકાય છે. ★ પૃથ્વી આદિ છકાય જીવોની હિંસા થાય તેવી પ્રવૃત્તિને આરંભ કહે છે અને વસ્તુનો સંગ્રહ, સંગ્રહવૃત્તિ તથા મૂર્ચ્છાભાવને પરિગ્રહ કહે છે. જે જીવ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરે, તે જીવ જ ધર્મશ્રવણ, સમ્યગ્દર્શન, સાધુપણું, બ્રહ્મચર્યવાસ, સંયમ, સંવર, મતિજ્ઞાન, કેવળજ્ઞાન આદિને પ્રાપ્ત કરી શકે છે. ★ પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપ જ્ઞાનના બે ભેદ છે. ★ ધર્મના બે પ્રકાર

છે-શ્રુતધર્મ અર્થાત્ આગમ રૂપ શ્રુતનો અભ્યાસ અને ૨, ચારિત્રધર્મ અર્થાત વ્રત, સમિતિ વગેરેનું પાલન. ★ જીવના ત્રસ-સ્થાવર અથવા પર્યાપ્ત- અપર્યાપ્ત આદિ બે–બે ભેદ છે. ★ સ્વાધ્યાય, પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો કરવા માટે પૂર્વ અને ઉત્તર, આ બે દિશા યોગ્ય છે.

જીવો પાપકર્મના ફળનું વેદન આ ભવમાં કે ભવાંતરમાં કરે છે. ★ નારકી વગેરે જીવોના આહારક-અનાહારક, સંજ્ઞી-અસંજ્ઞી, ભાષક–અભાષક વગેરે બે-બે પ્રકાર છે. ★ જીવો અંશતઃ કે સર્વતઃ, એમ બે રીતે ઇંદ્રિયના વિષયોને ગ્રહણ કરે છે. ★ સ્વભાવથી કે પુરુષના પ્રયત્નથી, એમ બે પ્રકારે પુદ્ગલમાં ભેગા થવા કે છૂટા પડવા રૂપ ક્રિયાઓ થાય છે.

બે–બે ના છ યુગલ રૂપે બાર પ્રતિમા (પડિમા) નું વર્ણન છે. અભિગ્રહ કે વિશિષ્ટ નિયમો ધારણ કરવાને પડિમા કહે છે. અપ્રશસ્ત (અશુભ) ભાવોને દૂર કરી પ્રશસ્ત–શુભભાવોને ધારણ કરવા તે **સમાધિપડિમા** છે. જ્ઞાન સ્વરૂપી આત્માથી ક્રોધાદિ રૂપ અનાત્મભાવોની ભિન્નતાનું ચિંતન કરવું, તે **વિવેકપડિમા** છે. ★ મનુષ્ય અને તિર્યંચ, આ બે ગતિના જીવોનો જન્મ ગર્ભથી થાય છે. દેવોનો જન્મ શય્યામાં અને નારકીઓનો જન્મ કુંભીમાં થાય

છે. મનુષ્ય અને તિર્યંચ, આ બે પ્રકારના જીવો ગર્ભાવસ્થામાં આહાર કરે છે, વૃદ્ધિ પામે છે, ઔદારિક શરીર બનાવે છે.

એક જ કાયમાં નિરંતર જન્મ લેવારૂપ કાલમર્યાદા ને કાયસ્થિતિ અને એક ભવની કાલમર્યાદાને ભવસ્થિતિ કહે છે. મનુષ્ય-તિર્યંચને બંને પ્રકારની સ્થિતિ હોય છે. દેવ-નારકીને એક ભવસ્થિતિ જ હોય છે. ★ જંબૂદ્વીપમાં ભરત અને ઐરવત, હેમવય–હૈરણ્યવય, હરિવર્ષ- રમ્યક્વર્ષ, દેવકુરુ-ઉત્તરકુરુ, આ બે–બે ક્ષેત્રોનું પ્રમાણ, નદી, કાળ વગેરે સમાન છે.

જંબૂદ્વીપમાં ચુલ્લહિમવાન અને શિખરી, મહાહિમવાન-રુકિમ, નિષધ અને નીલવંત, આ બે–બે પર્વતો સમાન છે. ★ ભરત અને ઐરવત ક્ષેત્રમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ સમાન રૂપે ઉત્પન્ન થાય છે. ★ જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય પ્રકાશ કરે છે.

સમયાદિ કાળ જીવરૂપ પણ છે અને અજીવરૂપ પણ છે. જીવની પર્યાય (અવસ્થા)ના પરિવર્તનમાં સહાયક કાળ જીવ રૂપ કહેવાય છે અને અજીવદ્રવ્ય-ધર્માસ્તિકાયાદિના પરિવર્તનમાં સહાયક કાળ અજીવરૂપ છે.

ગામ, નગરમાં રહેનારા જીવોની અપેક્ષાએ ગામાદિ જીવરૂપ છે અને ઈંટ, ચૂના આદિથી બનેલા હોવાથી ગામાદિ અજીવરૂપ છે. ★કર્મના ક્ષયથી અને ઉપશમથી, આ બે પ્રકારે આત્મા ધર્મનું શ્રવણ કરી શકે છે. ★ કોઈ કારણ વિના સ્વયં પોતાની અંદર ક્રોધાદિ પાપો પ્રગટ થાય તે આત્મપ્રતિષ્ઠિત અને કોઈ કારણ (નિમિત) થી ક્રોધાદિ પાપો ઉત્પન્ન થાય તે પરપ્રતિષ્ઠિત કહેવાય છે. ★ અઢીદ્વીપક્ષેત્ર (મનુષ્યક્ષેત્ર) માં લવણ અને કાલોદધિ બે સમુદ્ર છે.

## ત્રીજું સ્થાન

આ સ્થાનમાં ચાર ઉદ્દેશક છે. આ સ્થાનમાં ત્રણ સંખ્યક વિષયોનું નિરૂપણ છે તથા અનેક ત્રિભંગીઓ છે. ★ ત્રણ પ્રકારના ઈન્દ્ર છે, યથા **નામઈન્દ્ર**–કોઈ બાળક, મકાન આદિનું નામ ઈન્દ્ર રાખવું **સ્થાપનાઈન્દ્ર**-કોઈ વસ્તુમાં 'આ ઈન્દ્ર છે' તેવું આરોપણ કરવું **દ્રવ્યઈન્દ્ર**-ભૂતકાળમાં જે ઈન્દ્ર હતા અથવા ભવિષ્યમાં ઈન્દ્ર થવાના છે, તેને ઈન્દ્ર કહેવા. **ભાવઈન્દ્ર**-તેના ત્રણ પ્રકાર છે - જ્ઞાનમાં શ્રેષ્ઠ હોય તે જ્ઞાનેન્દ્ર, દર્શનમાં શ્રેષ્ઠ હોય, તે દર્શનેન્દ્ર અને ચારિત્રમાં શ્રેષ્ઠ હોય, તે ચારિત્રેન્દ્ર કહેવાય છે, તે ભાવ ઈન્દ્ર છે અથવા દેવોના અધિપતિ દેવેન્દ્ર, અસુરેન્દ્ર અને ચક્રવર્તી પણ

ભાવઈન્દ્ર છે.

★ હિંસાનો ત્યાગ કરનાર, અસત્યનો ત્યાગ કરનાર અને શ્રમણને શુદ્ધ, નિર્દોષ, અચિત આહાર, પાણીનું દાન આપનાર વ્યકિત શુભ દીર્ઘ આયુષ્યનો બંધ કરે છે. ★ અશુભ, અકુશલ મન, વચન, કાયાનું નિયંત્રણ કરી, તેને શુભમાં પ્રવૃત્ત કરવાને ગુપ્તિ કહે છે. સંયત મનુષ્યને ત્રણ પ્રકારની ગુપ્તિ હોય છે. ★ ત્રણ કારણે લોકમાં અંધકાર ફેલાય છે - અરિહંત ભગવાનના નિર્વાણ સમયે, કેવળી પ્રરૂપિત ધર્મના વિચ્છેદ સમયે અને ચૌદપૂર્વગત શ્રુતના નાશ સમયે લોકમાં અંધકાર ફેલાય છે. ★ ત્રણ કારણે લોકમાં પ્રકાશ ફેલાય છે – તીર્થંકરના જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન પ્રાપ્તિના સમયે લોકમાં પ્રકાશ ફેલાય છે. ★ ત્રણ વ્યકિતના ઋણમાંથી મુક્ત થવું દુઃશક્ય છે, માતા–પિતા, આજીવિકાના ઉપાર્જનમાં સહાયક શેઠ અને ધર્માચાર્ય. તેમની સેવાભકિત, આદર, સન્માનપૂર્વક તેઓને ધર્મમાર્ગે વાળવાથી, ધર્મ સંભળાવવાથી, ધર્મ આરાધનામાં સહાયક બનવાથી ઋણ મુકત થવાય છે.

બાલ્યાવસ્થા, પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થા, આ ત્રણમાંથી કોઈ પણ વયમાં ધર્મશ્રવણ, બોધિ, સંયમ, જ્ઞાનની પ્રાપ્તિ આદિ થઈ શકે છે. ★ ત્રણ પ્રકારના મનુષ્ય

છે–સુમન, દુર્મન અને તટસ્થ. કેટલાક મનુષ્યો બોલ્યા, ચાલ્યા, આપ્યા, વિચાર્યાદિ ક્રિયા કર્યા પછી સુખનો અનુભવ કરે, કેટલાક દુઃખનો અને કેટલાક તટસ્થ રહે છે, યથા કંજૂસ વગેરે વ્યકિત લાજે–શરમે આપવું પડે, તો આપીને દુઃખ અનુભવે છે. ઉદારદિલા વ્યકિત આપીને સુખ અનુભવે છે. મધ્યસ્થ વ્યકિત આપીને તટસ્થ રહે છે.

સુશીલ, સુવ્રતી, સદ્‌ગુણી, પ્રત્યાખ્યાન–પૌષધાદિ કરનાર પુરુષના આ ભવ, પરભવ અને ભવોભવ (અનેક ભવ) પ્રશસ્ત શુભ હોય છે.

પાપકર્મના આચરણ પછી તેની આલોચના કરીને શુદ્ધ થવું, તે સાધકનું અત્યાવશ્યક કર્તવ્ય છે, ત્રણ કારણે જીવ આલોચના કરતો નથી - કેટલાક જીવોને પોતાનું કૃત્ય પાપરૂપ ન લાગવાથી, આલોચનાદિ કરીશ તો મારી અપકીર્તી-અપયશ ફેલાશે, તેવા ભયથી, અને પોતાના માન–સન્માન, યશ ઓછા થઈ જશે, તેવા ભયથી આલોચના કરતા નથી. ★ ત્રણ કારણે જીવ આલોચના કરે છે - પાપભીરુ જીવ દોષના કટુ ફળને જાણી, આલોચનાથી આ ભવ, પરભવ, ભવોભવ પ્રશસ્ત બને છે, તેમ જાણીને અને જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ અર્થે આલોચના કરી વિશુદ્ધ બને છે.

આગમના સૂત્રપાઠને જાણનાર સૂત્રધર, તેના અર્થને જાણનાર અર્થધર અને સૂત્ર તથા અર્થ, બંનેને જાણનાર ઉભયધર કહેવાય છે. ★ સાધુને ઊન, શણ અને રૂ, આ ત્રણ પ્રકારના વસ્ત્ર તથા તુંબડાં, લાકડાં અને માટીના, આ ત્રણ પ્રકારના પાત્ર ધારણ કરવા કલ્પે છે. ★ સમુદાયમાં રહેનાર વ્યકિતએ શકિત, સામર્થ્ય હોય, તો સહચારને ગુણાદિની સુરક્ષા માટે પ્રેરણા આપે. જો તેમ કરવા જતાં અન્યને અસમાધિ થતી હોય, તો મૌનપૂર્વક તેની ઉપેક્ષા કરે અને તેવી ક્ષમતા ન હોય, તો ત્યાંથી ઉઠીને એકાંતમાં ચાલ્યા જાય કે જેથી કર્મબંધ ન થાય. ★ સાધુ, સાધ્વીએ આચાર્ય, ઉપાધ્યાય અને ગણનાયકના નેતૃત્વમાં રહેવું જોઈએ.

ત્રણ જ્ઞાનના ધારક દેવો વ્રત–પ્રત્યાખ્યાન અને સાધુ પર્યાય પ્રાપ્ત કરી શકાય તેવા મનુષ્ય જન્મ, આર્યક્ષેત્ર અને ઊંચકુળને ઝંખે છે. દેવો પૂર્વભવમાં શ્રુતધર્મ, દીર્ઘ ચારિત્ર ધર્મનું યથાર્થ અને નિરતિચારપણે–વિશુદ્ધ રૂપે પાલન ન કરવાનો ખેદ અનુભવે છે. ★ ઉણોદરીના ત્રણ ભેદ છે, ભોગોપભોગના સાધનોનો આવશ્યકતાથી અલ્પ ઉપયોગ કરવો, તે ઉપકરણ ઉણોદરી છે. આહાર-પાણી ઓછા લેવા, તે દ્રવ્ય ઉણોદરી છે અને રાગ-દ્વેષ વગેરે

દુર્ભાવોને ઘટાડવા, તે ભાવ ઉણોદરી છે.

★ સાધના માર્ગમાં કંટકની જેમ ખૂંચે તે શલ્ય કહેવાય છે. શલ્યના ત્રણ પ્રકાર છે, માયા-કપટનું આચરણ, તપશ્ચર્યાદિના ફળપ્રાપ્તિનો સંકલ્પ એટલે નિદાન અને મિથ્યાદર્શન શલ્યરૂપ છે. ★ આરાધનાના ત્રણ પ્રકાર છે - જ્ઞાન આરાધના, દર્શન આરાધના અને ચારિત્ર આરાધના. આગમ વગેરે શ્રુતનો અભ્યાસ કરવો, જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના સાધનોનો વિનય, બહુમાન આદિ દ્વારા જ્ઞાનઆરાધના થાય છે. જિનપ્રરૂપિત તત્ત્વાદિમાં શંકાદિ ન કરતાં શ્રદ્ધા રાખવા દ્વારા દર્શનઆરાધના થાય છે. મહાવ્રત, સમિતિ આદિના પાલન દ્વારા ચારિત્ર આરાધના થાય છે.

જંબૂદ્વીપના ઉત્તરભાગમાં અને દક્ષિણભાગમાં ત્રણ-ત્રણ અકર્મભૂમિઓ, ત્રણ-ત્રણ વર્ષધર પર્વતો છે. હિમવાન અને શિખરી પર્વતમાંથી ત્રણ-ત્રણ મહા નદીઓ નીકળે છે. ★ શ્રાવકો અને સાધુઓના ત્રણ–ત્રણ મનોરથ છે - ક્યારે હું આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરીશ, ક્યારે અણગાર-સાધુ બનીશ અને ક્યારે આહાર, શરીર, કષાયના ત્યાગરૂપ અનશન (સંથારો) કરીશ, આ ત્રણ શ્રાવકના મનોરથ છે. સાધુના ત્રણ મનોરથ આ પ્રમાણે છે - ક્યારે અપૂર્વ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરીશ, ક્યારે એકાકી વિહાર

કરીશ; કયારે આહાર, શરીર, કષાયના ત્યાગરૂપ અનશન કરીશ. ★ ત્રણ પ્રકારના ગૌરવ છે - **૧.** પુણ્ય પ્રભાવે પ્રાપ્ત ધનસંપતિ, પદ, પ્રતિષ્ઠાનો અહંકાર કરવો, તે ઋદ્ધિ ગૌરવ છે. **૨.** પુણ્યપ્રભાવે પ્રાપ્ત ઘી, દૂધ, વગેરે તથા પાંચે ઈંદ્રિયના વિષયોની પ્રાપ્તિનો અહંકાર કરવો તે રસગૌરવ અને **૩.** પુણ્યોદયે પ્રાપ્ત શારીરિક સ્વાસ્થ્ય, શાતા, સુકુમારતાના અભિમાનને શાતા ગૌરવ (ગર્વ) કહે છે.

## ચોથું સ્થાન

આ સ્થાનમાં ચાર ઉદ્દેશક છે. આ સ્થાનમાં અનેક પ્રકારની ચૌભંગીઓનું નિદર્શન છે. ઐશ્વર્ય અને ગુણની ચૌભંગી છે, યથા-**૧.** કેટલાક લોકો ઐશ્વર્યથી ઉન્નત (શ્રેષ્ઠ) હોય છે અને ઉદારતાદિ ગુણ શીલ-સદાચાર કે મનની દઢ તારૂપ સંકલ્પથી પણ ઉન્નત હોય છે. **૨.** કેટલાક લોકો ઐશ્વર્યમાં શ્રેષ્ઠ હોય છે, પણ કંજૂસાઈ, દુરાચાર, ચંચળ તાદિથી પ્રણત (નીમ્ન) હોય છે. **૩.** કેટલાક ઐશ્વર્યથી પ્રણત (ઐશ્વર્ય રહિત) હોય, પણ ઉદારતાદિ ગુણ, સદાચાર, દઢમનાદિથી ઉન્નત્ત હોય **૪.** કેટલાક લોકો ઐશ્વર્યાદિથી રહિત અને કંજૂસાઈ, દુરાચાર, ચંચળ ચિત્તાદિથી પણ પ્રણત હોય છે. આમાં પહેલા અને ત્રીજા ભંગ જેવા બનવા પુરુષાર્થશીલ રહેવું જોઈએ. **શરીર અને**

**સ્વભાવની પવિત્રતાની ચૌભંગી**- **૧.** કેટલીક વ્યકિતઓ શરીરથી પવિત્ર અને અંતરંગથી પણ પવિત્ર હોય છે. **૨.** કેટલીક વ્યકિતઓ શરીરથી પવિત્ર હોય પણ અંતરંગથી અપવિત્ર હોય છે. **૩.** કેટલાક શરીરથી મલિન હોય પણ અંતરંગથી સ્વચ્છ-પવિત્ર હોય **૪.** કેટલાક શરીરથી મલિન અને અંતરંગથી પણ મલિન હોય છે.

નરકમાં તત્કાલ ઉત્પન્ન નારકી મનુષ્યલોકમાં આવવા ઈચ્છે તો, પણ ચાર કારણથી આવી શકતા નથી. **૧.** નરકની અતિતીવ્રવેદના કારણે, **૨.** નરકપાલો દ્વારા પીડિત થવાના કારણે, **૩.** નરકયોગ્ય કર્મ ક્ષીણ થયું ન હોવાના કારણે અને **૪.** નરકાયુ ભોગવવાનું બાકી હોવાના કારણે નારકી મનુષ્યલોકમાં આવી શકતા નથી. ★ ધ્યાનના ચાર પ્રકાર છે. **૧.** આર્તધ્યાન - દુઃખના કારણે ચિંતા, શોક કે રુદન કરવું **૨.** રૌદ્રધ્યાન - ક્રૂર, હિંસાદિ પાપો કરવા. **૩.** ધર્મધ્યાન-શ્રુત (આગમ) અને ચારિત્રધર્મનું પાલન કરવું અને **૪.** શુકલધ્યાન-કર્મક્ષયના કારણભૂત શુદ્ધ ઉપયોગમાં લીન થવું. ★ ક્રોધ, માન, માયા, લોભ, આ ચાર કારણોથી આઠ કર્મોનો સંચય થાય છે.

અસત્યના ચાર પ્રકાર છે. **૧.** સત્યને છુપાવવા કાયાથી જે પ્રવૃતિ થાય તે કાયાની વક્રતા છે. **૨.** અયથાર્થ

વસ્તુનું પ્રતિપાદન કરવું તે ભાષાની વક્રતા છે. **૩.** મનમાં કપટ રાખી સત્ય બતાવવું તે ભાવની વક્રતા છે. **૪.** મન–વચન આદિ દ્વારા વિવાદ યુકત પ્રવૃત્તિ કરવી. ★ **૧.** કેટલાક હળુકર્મી મનુષ્ય પોતાના દોષને જુએ છે પણ બીજાના દોષ જોતા નથી. **૨.** કેટલાક અહંકારી બીજાના દોષોને જુએ છે, પોતાના દોષો જોતા નથી. **૩.** કેટલાક મનુષ્યો પોતાના દોષોને પણ જુએ છે અને બીજાના દોષોને પણ જુએ છે. **૪.** કેટલાક મનુષ્યો પોતાના કે બીજાના કોઈના દોષોને જોતા નથી. આ ચૌભંગીમાં પ્રથમ ભંગ શ્રેષ્ઠ છે. સ્વદોષ દૃષ્ટા ઉતમ છે.

પાતાળકળશોના સ્વામી વાયુકુમાર જાતિના ચાર દેવ છે-કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન. ★ દેવોના ચાર પ્રકાર છે-ભવનપતિ, વાણવ્યંતર, જયોતિષી અને વૈમાનિક. ★ ભરત અને ઐરવત ક્ષેત્રમાં મધ્યના બાવીસ તીર્થંકરો અને મહાવિદેહના સર્વ તીર્થંકરો ચાતુર્યામધર્મનો ઉપદેશ આપે છે. યથા, **૧.** સર્વ પ્રાણાતિપાત વિરમણ **૨.** સર્વ મૃષાવાદ વિરમણ **૩.** સર્વ અદત્તાદાન વિરમણ **૪.** સર્વ બહિદ્ધાદાન વિરમણ, આ ચાર વ્રત ચાતુર્યામ કહેવાય છે. ★ શરીર અને મનમાં વિકાર ઉત્પન્ન કરે તે વિગય અને શરીરને અત્યધિક પુષ્ટ કરે, શરીર-મનમાં મહાવિકાર

ઉત્પન્ન કરે તે, મહાવિગય કહેવાય છે. દૂધ, દહીં, ઘી અને માખણ, આ ચાર ગોરસ સંબંધિત વિગય છે. તેલ, ઘી, વસા, નવનીત સ્નિગ્ધતાવાળી વિગય છે. મધ, માંસ, દારૂ, માખણ, ચાર મહાવિગય છે.

પદાર્થ ઉપરથી મનને વાળી લઈને પોતાનામાં લીન થવું, તેને પ્રતિસંલીનતા કહે છે. પ્રતિસંલીનતા એ એક પ્રકારનું તપ છે. પ્રતિસંલીનતાના ચાર પ્રકાર છે. ઉદયમાં આવેલ ક્રોધ, માન, માયા તથા લોભને નિષ્ફળ કરવા, તેના ઉદયનો નિરોધ કરવો, તે ચાર **કષાય પ્રતિસંલીનતા** છે. અકુશલ-અશુભ, મન, વચન, કાયા અને ઈન્દ્રિય, આ ચારનો નિગ્રહ કરવો, તે **યોગની પ્રતિસંલીનતા** છે.

જે વાર્તાલાપ કે વચનોથી સંયમમાં બાધા ઉત્પન્ન થાય, બ્રહ્મચર્ય ખંડિત થાય, રસલોલુપતા વધે, હિંસાને પ્રોત્સાહન મળે અને અશુભ કર્મોનો બંધ થાય, તેવી કથાને વિકથા કહે છે. તેના ચાર પ્રકાર છે, - **સ્ત્રીકથા (પુરુષકથા), ભક્તકથા, દેશકથા** અને **રાજકથા**. તે ચારેયના પુનઃ ચાર—ચાર પ્રકાર છે. સ્ત્રીની જાતિ, કુળ, રૂપ તથા સ્ત્રીની વેશભૂષાની વાતો કરવી તે **સ્ત્રીકથા** છે. ઘી, તેલ, ગોળ, ઘઉં, ચોખા વગેરે કાચામાલ સંબંધિત વાર્તાલાપ મિષ્ટાન-ફરસાણ, શાક, રોટલી વગેરે રાંધેલી ભોજન

સામગ્રીની વાતો, પાણી, અગ્નિ, મીઠું, વનસ્પતિ વગેરેના આરંભની વાતો અને ખાદ્યસામગ્રી તૈયાર કરવાની રીત (રેસીપી)ની વાતોને **ભક્તકથા** કહે છે. વિભિન્ન દેશોના રીત–રીવાજની સંબંધિત વાર્તાલાપ કરવો, તે **દેશકથા.** રાજાની ઋદ્ધિ, નગરપ્રવેશની, રાજાના નિર્ગમનની, સૈન્ય શકિત વગેરેની અને નગરના ધનસંપતિ, વૈભવ સંબંધી કથા કરવી તે **રાજકથા** છે.

વિકથા ન કરે, વિવેકપૂર્વક કાયોત્સર્ગ કરે, પૂર્વરાત્રિ અને અપરરાત્રિએ ધર્મજાગરિકા કરે, નિર્દોષ, સુઝતા, અલ્પમાત્રમાં આહારની ગવેષણા કરે, આ ચાર કારણે સાધુને અતિશય જ્ઞાન (કેવળજ્ઞાન, અવધિ-મનઃપર્યવ જ્ઞાન) દર્શન પ્રાપ્ત થાય છે.

અનંતાનુબંધી કષાય – પર્વતની તિરાડ જેવા ક્રોધ, પથ્થરના સ્તંભ (થાંભલા) જેવા માન, વાંસના મૂળ જેવી માયા અને કિરમજીના રંગ જેવા લોભમાં વર્તતો જીવ મૃત્યુ પામે તો નરકમાં ઉત્પન્ન થાય છે.

અપ્રત્યાખ્યાની કષાય – પૃથ્વીની તિરાડ જેવા ક્રોધ, હાડકાના સ્તંભ જેવા માન, ઘેંટાના શીંગડા જેવી માયા અને કાદવના રંગ જેવા લોભમાં વર્તતો જીવ મૃત્યુ પામે, તો તિર્યંચમાં ઉત્પન્ન થાય છે.

પ્રત્યાખ્યાની કષાય – રેતીમાં દોરેલી લીટી જેવા ક્રોધ, લાકડાના સ્તંભ જેવા માન, ગોમૂત્રિકા જેવી માયા અને ખંજનના રંગ જેવા લોભમાં વર્તતો જીવ મૃત્યુ પામે, તો મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. સંજવલન કષાય– પાણીમાં લીટી જેવા ક્રોધ, નેતરના સ્તંભ જેવા માન, લાકડાની છોઈ (છોલ) જેવી માયા અને હળદરના રંગ જેવા લોભમાં વર્તતો જીવ મૃત્યુ પામે, તો દેવમાં ઉત્પન્ન થાય છે.

ઉત્સર્પિણી-અવસર્પિણીનો સુષમસુષમા નામનો આરો ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. ★ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા ચાર તીર્થંકર, ચાર ચક્રવર્તી, ચાર બળદેવ, ચાર વાસુદેવ ઉત્પન્ન થાય છે. ★ મેરુપર્વત ઉપર ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન, પંડકવન, આ ચાર વન છે. મેરુપર્વતના પંડકવનમાં ચાર અભિષેકશિલાઓ હોય છે. નંદીશ્વરદ્વીપમાં ચાર અંજનક પર્વતો છે, ચાર પુષ્કરિણીઓ અને ચાર દધિમુખ પર્વતો છે.

કર્દમ(કાદવ) જળ અતિમલિન હોય છે, તે અપેક્ષાએ ખંજનજળ અલ્પમલિન હોય છે અને તેની અપેક્ષાએ વાલુકાજળ અને તેનાથી શૈલજળ વધુ નિર્મળ હોય છે. તે જ પ્રમાણે મનુષ્યોના મલિનતર ભાવો

(પરિણામો) નરકગતિનું, મલિન ભાવો તિર્યંચગતિનું, નિર્મળભાવો મનુષ્યગતિનું અને નિર્મળતર ભાવો દેવગતિનું કારણ બને છે.

શ્રમણોપાસકના ચાર વિસામા છે–**૧.** ભારવાહક એક ખંભેથી બીજા ખંભે ભાર મૂકે, તે તેના માટે વિસામા રૂપ છે, તેમ શ્રાવક શીલવ્રત, ગુણવ્રત, આદિ કોઈ પણ વ્રત–નિયમ ગ્રહણ કરે, તો તે પ્રથમ વિસામો છે. **૨.** ભારવાહક મળ–મૂત્ર ત્યાગ માટે ભારો નીચે મૂકે તેમ સામાયિક, દેશાવગાસિક વ્રત, ચૌદ નિયમાદિ કરે, તે બીજો વિસામો છે. **૩.** ભારવાહક ધર્મશાળા, મંદિર આદિમાં રાત્રિ નિવાસ કરે તેમ પર્વતિથિના પ્રતિપૂર્ણ પૌષધ કરે, તે ત્રીજો વિસામો છે. **૪.** પોતાના નિવાસ સ્થાને પહોંચી, ભાર ઉતારી ભારવાહક ભારમુકત બની જાય તેમ અનશન–સંથારો કરે, તે ચોથો વિસામો છે.

પ્રતિકાર કરવા સમર્થ હોવા છતાં વ્યકિત ક્ષમા, શાંતિ રાખે, તે **ક્ષમાશૂર** છે. ક્રોધ રહિત, સમજપૂર્વક તપ કરે, તે **તપશૂર** છે. નિરપેક્ષભાવે દાન આપનાર વૈશ્રમણ દેવ વગેરે **દાનશૂર** છે. યુદ્ધમાં સહાયની અપેક્ષા ન રાખે, યુદ્ધમાં હારે નહીં, તે **યુદ્ધશૂર** કહેવાય છે. સર્વ વાસુદેવો યુદ્ધશૂર છે.

વૈયાવચ્ચ-સેવા કરનાર વ્યકિતની અપેક્ષાએ ચૌભંગી બને છે, યથા - ૧. સ્વાર્થી, આળસુ વ્યકિત પોતાની સેવા કરે છે, અન્યની નહીં ૨. નિઃસ્વાર્થી વ્યકિત બીજાની સેવા કરે છે, પોતાની નહીં ૩. સંતુલિત મનોવૃતિવાળા પોતાની અને અન્યની, બંનેની સેવા કરે છે. ૪. આળસુ, નિરાશાવાદી, અવધૂત, જિનકલ્પી, અનશનધારી પોતાની કે અન્યની કોઈની સેવા કરતા નથી. ★ ૧. દઢ ધર્મી–પ્રિયધર્મીની ચૌભંગી–કેટલીક વ્યકિત ધર્મપ્રિય હોય છે પણ દઢધર્મી હોતા નથી. ૨. કેટલીક વ્યકિતઓ દઢધર્મી હોય છે પણ ધર્મ પ્રત્યે હાર્દિક પ્રીતિ નથી હોતી ૩. કેટલીક વ્યકિતઓ પ્રિયધર્મી અને દઢધર્મી બંને હોય છે. અને ૪. કેટલીક વ્યકિતઓ પ્રિયધર્મી કે દઢધર્મી હોતા નથી.

જે શ્રાવકો શ્રમણો પ્રત્યે પુત્રવત્ સ્નેહભાવ, વાત્સલ્યતા, આત્મીયતા કે હિતદષ્ટિ રાખે, શ્રમણોની સેવા, સુરક્ષા વગેરે કર્તવ્યોનું પાલન કરે, તે શ્રાવકો માતા–પિતા તુલ્ય છે. જે શ્રાવકોમાં વત્સલતા અને ઉગ્રતા, બંને હોય–તત્ત્વચર્ચામાં કદાચ ઉગ્રતા લાવે પણ જીવનનિર્વાહ પ્રસંગે હૃદય વાત્સલ્ય પૂર્ણ હોય, તે શ્રાવકો ભાઈ તુલ્ય છે. જે શ્રાવકો કષ્ટ સમયે સંતો પ્રતિ સહાનુભૂતિ પ્રગટ કરે, તે મિત્ર સમાન છે, શ્રમણો પ્રત્યે વાત્સલ્ય કે પ્રેમ ન હોય,

પરંતુ તેઓની નિંદા કરે, છિદ્રગવેષી હોય, દોષો પ્રગટ કરે, તે શ્રાવકોને સપત્ની (શૌકય) તુલ્ય છે. ★ ચાર અવગુણનાં ધારક વાચનાને અયોગ્ય છે – અવિનીત, વિગયમાં આસકત, કલેશ કરનારા અને માયાવી સાધુ–શ્રાવક વાચના ને અયોગ્ય છે.

ભોગાદિ માટે વિવિધ ક્ષેત્રમાં વિચરનારા, આરંભ– પરિગ્રહમાં રાચનારા પ્રસર્પક કહેવાય છે. આ પ્રસર્પક ચાર પ્રકારના છે–અપ્રાપ્ત ભોગોની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ, પ્રાપ્ત ભોગોના સંરક્ષણ માટે પ્રયત્નશીલ, અપ્રાપ્ત સુખની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ અને પ્રાપ્ત સુખોના સંરક્ષણ માટે પ્રયત્નશીલ પ્રાણી. ★ જેની દાઢમાં ઝેર હોય તે **આશીવિષ** કહેવાય છે. **વીંછી**નું ઝેર અર્ધભરતક્ષેત્ર, **દેડકા**નું ઝેર ભરતક્ષેત્ર, **સર્પ**નું ઝેર જંબૂદ્વીપક્ષેત્ર અને **મનુષ્ય**નું વિષ અઢીદ્વીપક્ષેત્ર જેવડા શરીરને વિષાકત કરવા સમર્થ છે. ★ દાતા પુરુષની ચૌભંગી–કોઈ દાન આપે પણ દેખાવ ન કરે, કોઈ દેખાવ કરે પણ દાન આપે નહીં, કોઈ દાન પણ આપે અને દેખાવ પણ કરે અને ન દાન આપે અને ન દેખાવ કરે.

પેટ ખાલી થવાથી, ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી, આહારસંબંધિત વાતો સાંભળવાથી અને આહાર સંબંધી

ચિંતન—મનન કરવાથી, આ ચાર કારણે **આહારસંજ્ઞા** ઉત્પન્ન થાય છે. ★ સત્ત્વહીનતાથી, ભયમોહનીય કર્મના ઉદયથી, ભયજનક વાતો સાંભળવાથી અને ભયજનક દશ્ય જોવાથી, આ ચાર કારણે **ભયસંજ્ઞા** ઉત્પન્ન થાય છે. ★શરીરમાં માંસ - રકત - વીર્યની વૃદ્ધિ થવાથી, વેદમોહનીયકર્મના ઉદયથી, મૈથન સંબંધી વાતો સાંભળવાથી, મૈથુનનું ચિંતન કરવાથી, આ ચાર કારણે **મૈથુનસંજ્ઞા** ઉત્પન્ન થાય છે. ★ પદાર્થના સંચયથી, લોભમોહનીયના ઉદયથી, પરિગ્રહ જોઈને તેવી બુદ્ધિ થવાથી અને પરિગ્રહનો વિચાર કરવાથી, આ ચાર કારણે **પરિગ્રહસંજ્ઞા** ઉત્પન્ન થાય છે. ★ ક્રૂરતા પૂર્વકની હિંસા, તીવ્ર કષાય પૂર્વકનો સંગ્રહ, પંચેન્દ્રિય જીવોનો વધ અને માંસભક્ષણ કરવાથી **નરક**ના આયુષ્યનો બંધ થાય છે. ★ માયાચાર, અતિમાયા કરી બીજાને ઠગવા, અસત્ય વચન અને ઓછુ—વધુ ભેળવવાથી ભેળસેળ કરવાથી **તિર્યંચ**ના આયુષ્યનો બંધ થાય છે. ★ સ્વભાવથી ભદ્રતા—સરળતા, સ્વભાવથી વિનીતતા, દયાળુ હૃદય અને અમત્સર—ઈર્ષારહિતતા, આ ચાર કારણે **મનુષ્ય**ના આયુષ્યનો બંધ થાય છે. ★ સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ, આ ચાર કારણે **દેવ**ના

આયુષ્યનો બંધ થાય છે.

## પાંચમું સ્થાન

આ સ્થાનમાં ત્રણ ઉદ્દેશક છે.

સાધુના પાંચ મહાવ્રત છે - સર્વપ્રકારે પ્રાણઘાતથી વિરમવું, સર્વપ્રકારે અસત્ય ભાષણથી વિરમવું, સર્વ પ્રકારે અદતાદાન–ચોરીથી વિરમવું, સર્વ પ્રકારના મૈથુનથી વિરમવું અને સર્વ પ્રકારના પરિગ્રહથી વિરમવું. ★ શ્રાવકોના પાંચ અણુવ્રત છે - સ્થૂલ (મોટા) પ્રાણાતિપાત વેરમણ, સ્થૂલમૃષાવાદ વેરમણ, સ્થૂલ અદતાદાન વેરમણ, સ્વદાર સંતોષ અને પરિગ્રહની મર્યાદા કરવી.

ખેદરહિત, ઉત્સાહપૂર્વક, આચાર્યની, ઉપાધ્યાયની, સ્થવિરની, તપસ્વીની અને રોગીમુનિ, આ પાંચની વૈયાવચ્ચ કરવાથી શ્રમણો મહાનિર્જરા અને સંસારનો અંત કરે છે.

કર્મબંધના, કર્મ આવવાના (આશ્રવના) પાંચ દ્વાર છે - મિથ્યાત્વ - તત્ત્વો ઉપરની વિપરીત શ્રદ્ધા, અવિરતિ - પાપ કર્મોનો ત્યાગ ન કરવો. ★ પ્રમાદ - આત્મિક અનુત્સાહ, ઉચિત કાર્યમાં પ્રવૃત્ત ન થવું, કષાય - રાગ-દ્વેષના ભાવો અને યોગ મન, વચન, કાયાનો વ્યાપાર. આ પાંચ કારણોનો નિરોધ કરવાથી, આવતા કર્મો અટકે છે, તેને

સંવર કહે છે.

સૂતેલા (પ્રમાદી) સંયત મનુષ્યોના શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આ પાંચ ઈન્દ્રિયના વિષય જાગૃત હોય છે અને જાગૃત સંયમીના શબ્દાદિ પાંચ ઈન્દ્રિય વિષયો સુપ્ત હોય છે. સુપ્તજાગૃત અસંયમીના પાંચે ઈન્દ્રિયના વિષયો જાગૃત જ હોય છે. ★ તીર્થંકર ભગવાનના કે તીર્થંકર પ્રરૂપિત ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, ચતુર્વિધ સંઘના અને દિવ્યગતિ પામેલા દેવો આ પાંચના અવર્ણવાદ નિંદા—અવજ્ઞા કરે, તે વ્યકિત દુર્લભબોધિ બને છે અર્થાત્ તે જીવને ધર્મની સમજણ, ધર્મની રૂચિ, ધર્મશ્રદ્ધા (બોધિ) ની પ્રાપ્તિ થતી નથી.

આચારના પાંચ પ્રકાર છે, જ્ઞાનાચાર - શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે આગમોનું અધ્યયન કરવું. દર્શનાચાર-શંકાદિ દોષોને ટાળી, શુદ્ધ સમ્યક્ત્વની આરાધના કરવી. ચારિત્રાચાર-સમિતિ, ગુપ્તિ આદિ દ્વારા ચારિત્રની આરાધના કરવી. તપાચાર - અનશન વગેરે બાર પ્રકારના તપ કરવા. વીર્યાચાર- આ ચારે આચારનું દઢતાપૂર્વક પાલન કરવા શકિતનો ઉપયોગ કરવો.

ૠષભદેવસ્વામી, તેમના બે પુત્રો - ભરત, બાહુબલી તથા બે પુત્રી બ્રાહ્મી—સુંદરીની ઊંચાઈ ૫૦૦

ધનુષ્યની હતી. ★ તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ અને ભાવિતાત્મા અણગાર આ પાંચ વ્યકિત ઋદ્ધિમાન છે.

અસ્તિ એટલે વિદ્યમાન અને કાય એટલે પ્રદેશોનો સમૂહ. પ્રદેશોના સમુદાય રૂપે જે દ્રવ્યો વિદ્યમાન હોય, તે અસ્તિકાય કહેવાય છે. ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ, આ પાંચ દ્રવ્યો અસ્તિકાય છે. ★ આનંદ અને સુખના નિમિત્તને નિધિ કહે છે. **પુત્ર** વૃદ્ધાવસ્થામાં માતા–પિતાની સેવા કરે છે, **મિત્ર** સમયે-સમયે ઉત્તમ વિચારણા દ્વારા સહાયતા કરે છે, **શિલ્પકલા** આજીવિકાનું સાધન છે, **ધન અને ધાન્ય** સાક્ષાત્ ઉપકારક જ છે. આ પાંચે નિર્વાહનું કારણ છે, તેથી તે નિધિ રૂપ છે. ★ નરકગતિમાં જવાવાળો જીવ મૃત્યુ સમયે પગેથી નીકળે છે, તિર્યંચગતિમાં જવાવાળો જીવ સાથળેથી, મનુષ્યગતિમાં જવાવાળો હૃદયમાંથી, દેવગતિમાં જવાવાળો જીવ મસ્તકમાંથી નીકળે છે અને સિદ્ધગતિને પ્રાપ્ત જીવ સર્વાંગથી નીકળે છે. ★ વાસુપૂજયસ્વામી, મલ્લીનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી આ પાંચ તીર્થંકરો રાજાપદ પામ્યા વિના-રાજકુમાર અવસ્થામાં દીક્ષિત થયા હતા.

## છઠ્ઠું સ્થાન

છ પ્રકારના કાર્ય અસંભવિત છે. તીર્થંકર પણ આ છ કાર્ય કરવા સમર્થ નથી, તીર્થંકરો સર્વજ્ઞ છે, સર્વ વસ્તુ જાણવા શકિતમાન છે પણ સર્વકાર્ય કરવા શકિતમાન નથી. તે છ કાર્ય - **(૧)** જીવને અજીવ બનાવવો. **(૨)** અજીવને સજીવ બનાવવો, **(૩)** એક સમયમાં બે ભાષા બોલવી. **(૪)** સ્વયંકૃત કર્મોનું વેદન ન કરવું. **(૫)** પરમાણુનું છેદન–ભેદન, બાળવાનું કાર્ય, **(૬)** લોકાંતની બહાર જવાનું કાર્ય ★ મનુષ્યભવ, આર્યક્ષેત્રમાં જન્મ, નીરોગી કાયા, ધર્મનું શ્રવણ, ધર્મ ઉપર શ્રદ્ધા અને ધર્મનું સમ્યગ્ આચરણ, આ છ સ્થાન પ્રાપ્ત થવા દુર્લભ છે.

ઉત્સર્પિણી, અવસર્ણિથી કાળના સુષમસુષમાદિ છ–છ વિભાગ (આરા) છે ★ જે વ્યકિત આત્મભાવમાં સ્થિર હોય, આત્મભાવમાં સ્થિર થવા પુરુષાર્થશીલ હોય, આત્મસાધનાનું લક્ષ્ય–ધ્યેય હોય, તેવા આત્માર્થી સાધક આત્મવાન કહેવાય છે અને તેનાથી વિપરીત આત્મા સાધનાના લક્ષ્ય રહિત અને ભૌતિક ભાવોમાં રમણ કરનારી વ્યકિત અનાત્મવાન કહેવાય છે. આત્મ સાધનાના લક્ષ્ય વિના વ્યકિતને પ્રાપ્ત પ્રત્યેક સાધનો કર્મબંધનું નિમિત બને

છે. તેને પ્રાપ્ત સંયમ, શિષ્ય પરિવાર, શ્રુતજ્ઞાન, તપ, લાભ અને પૂજા-સત્કાર જેવા છએ શુભ નિમિત્તો અહંકારનું કારણ બને છે. આત્માર્થીને માટે સંયમ, શિષ્ય પરિવાર, શ્રુતજ્ઞાન વગેરે છ પ્રકારના નિમિત્તો સંવર, નિર્જરાનું નિમિત્ત બને છે. ★ ૧. ક્ષુધાની પીડા દૂર કરવા, ૨. સેવા–વૈયાવચ્ચ કરવા. ૩. ઈર્યાસમિતિનું પાલન કરવા. ૪. સંયમની રક્ષા કરવા. ૫. પ્રાણ ટકાવવા અને ૬. ધર્મના ચિંતન અર્થે, આ છ કારણે સાધુ આહાર કરે છે અને શરીર સાધનામાં સહાયક ન બને ત્યારે, સાધુ આહારનો ત્યાગ કરે છે. આહાર ત્યાગના છ કારણો છે, યથા **(૧)** તાવ વગેરે રોગ સમયે **(૨)** દેવાદિના ઉપસર્ગ સમયે **(૩)** બ્રહ્મચર્યની સુરક્ષા માટે ચિકિત્સા રૂપે **(૪)** પ્રાણીઓની દયા માટે **(૫)** તપની વૃદ્ધિ માટે અને **(૬)** સંથારો કરવાના સમયે.

મદ્ય, નિદ્રા, ઈન્દ્રિયવિષયો, ક્રોધાદિ કષાયો, જુગાર, પ્રતિલેખનામાં અનુપયોગ, આ છ પ્રમાદકારી અર્થાત્ અહિતકારી પ્રવૃત્તિઓ છે. ★ કર્મનિર્જરાના મુખ્ય સાધન રૂપ તપના બાર પ્રકાર છે. છ બાહ્ય તપ અને છ આભ્યંતર તપ. જે તપને લોકો બાહ્ય દૃષ્ટિએ તપરૂપે ઓળખે છે, જે તપ શરીરને તપાવે-કૃશ કરે અને કર્મોનો

ક્ષય કરે, તેને બાહ્ય તપ કહે છે, યથા - **અનશન** - અલ્પ સમય માટે કે જીવન પર્યંત આહારનો ત્યાગ કરવો, **ઉણોદરી** - આહાર, ઉપકરણ, ક્રોધાદિ કે કષાયની અલ્પતા કરવી, **ભિક્ષાચર્યા** - વિવિધ અભિગ્રહો સાથે ભિક્ષા અર્થે જવું, **રસ પરિત્યાગ** - ઘી, દૂધ વગેરે વિગયનો ત્યાગ કરવો, **કાયકલેશ** - દેહાધ્યાસ છોડવા માટે કેશલોચ, વીરાસનાદિ આસન વગેરે દ્વારા શરીરને કષ્ટ આપવું, **પ્રતિસંલીનતા** - વિષયો તરફથી જતી ઈન્દ્રિયોને પાછી વાળી આત્મભાવમાં લીન કરવી.

જે તપને લોકો બાહ્ય દષ્ટિએ તપ રૂપે ઓળખતા નથી, જે તપ સ્થૂલ શરીરને કૃશ કરતું નથી પરંતુ કાર્મણ શરીરને (કર્મોને) કૃશ કરે છે, કર્મ નિર્જરામાં નિમિત્તભૂત તપને આભ્યંતર તપ કહે છે, યથા - **પ્રાયશ્ચિત** - લાગેલા દોષો અને અતિચારોની શુદ્ધિ કરવી, **વિનય** - જ્ઞાની, વડિલ ગુરુજનો પ્રતિ બહુમાન ભાવ રાખવો, **વૈયાવચ્ચ** – આચાર્ય, ગુરુ, વડિલોની, બીમારની સેવા કરવી, **સ્વાધ્યાય** શ્રુતજ્ઞાનની આરાધના કરવી. શાસ્ત્રનું અધ્યયન, મનન કરવું, **ધ્યાન** - જિનેશ્વર કથિત કોઈપણ વિષયમાં ચિત્તને સ્થિર કરવું, **વ્યુત્સર્ગ** - ગણ, શરીર, ઉપધિ, કષાયાદિનો

ત્યાગ કરવો. ★ નારકી, દેવો, અસંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચો અને અસંખ્યાત વર્ષના મનુષ્યો આયુષ્યના છ માસ શેષ હોય, ત્યારે પરભવના આયુષ્યનો બંધ કરે છે.

## સાતમું સ્થાન

ભયમોહનીયકર્મના ઉદયે ઉત્પન્ન થતાં આત્મ પરિણામને ભય કહે છે. તેના સાત સ્થાન છે. યથા - **ઈહલોકભય** - સજાતીયનો ભય. મનુષ્યને મનુષ્યનો ભય, તિર્યંચને તિર્યંચનો ભય, **પરલોકભય** - વિજાતીયનો ભય- મનુષ્યને તિર્યંચાદિનો, તિર્યંચને મનુષ્યાદિનો ભય, **આદાનભય** - સંપતિના અપહરણ, ચોરી વગેરેનો ભય, **અકસ્માતભય** - નિમિત વિના, પોતાના વિચારથી ઉત્પન્ન ભય, **વેદનાભય** - રોગ, પીડા આદિનો ભય, મૃત્યુનો ભય, **અશ્લોકભય** - અપકીર્તિનો ભય. ★ અનંતધર્માત્મક વસ્તુના અન્ય ધર્મોને ગૌણ કરીને એક ધર્મની મુખ્યતાએ કથન કરવું, તેને નય કહે છે. નયના સાત પ્રકાર છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનય. સાત અંધજનો હાથીના એક–એક અવયવનો સ્પર્શ કરીને હાથીનું વર્ણન કરે. તેમાં કોઈ અંધજન હાથીને

સુપડા જેવો, કોઈ કોઠી જેવો, સાવરણી જેવો કહે છે. તેઓના વચનમાં સત્યાંશ છે, સંપૂર્ણ સત્યતા નથી. તે સાતે–સાત અંધજનોના વાકયાંશને ભેગા કરવામાં આવે, તો હાથીનું યથાર્થ સ્વરૂપ પ્રગટ થાય છે. તેમ સર્વ નયો, સર્વ દષ્ટિકોણને સમગ્રતયા વિચારવામાં આવે તો તે પ્રમાણ સંપૂર્ણ સત્યને પ્રગટ કરે છે.

જંબૂદ્વીપમાં ભરત, ઐરવત, હૈમવય, હૈરણ્યવય, હરિવાસ, રમ્યક્વાસ, મહાવિદેહ, આ સાત ક્ષેત્રો છે. ચુલ્લહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલ, રુકિમ, શિખરી અને મેરુ આ સાત મોટા પર્વતો છે. ★ ચક્રવર્તીને ચક્ર, છત્ર, ચર્મ, દંડ, અસિ, મણિ અને કાકણિ, આ સાત એકેન્દ્રિય રત્ન હોય છે. સેનાપતિ, ગાથાપતિ, વર્ધકી, પુરોહિત, સ્ત્રી, અશ્વ અને હસ્તિ, આ સાત પંચેન્દ્રિય રત્નો હોય છે. ★ ઈંદ્રોને સાત સેના અને સાત સેનાધિપતિઓ હોય છે.

જે ક્રિયા દ્વારા કર્મો દૂર થાય, તેને વિનય કહે છે. જ્ઞાની, રત્નાધિક વગેરે પ્રત્યે બહુમાન રાખવા વગેરે વિનયની પ્રવૃત્તિ છે. **વિનયના સાત પ્રકાર છે** - **જ્ઞાન વિનય** - જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના સાધનો પ્રતિ ભકિતભાવ, બહુમાનાદિ રાખવા, **દર્શનવિનય** - સમ્યગ્દર્શન

સમ્યગ્દષ્ટિવાનનો વિનય કરવો, **ચારિત્રવિનય** - ચારિત્ર, ચારિત્રવાનનો વિનય કરવો. ચારિત્ર ધારણ કરવું, **મનવિનય** - મનની અશુભ પ્રવૃત્તિ રોકી, શુભ પ્રવૃત્તિમાં મનને જોડવું, **વાગ્‌વિનય**-વચનની અશુભ પ્રવૃત્તિ રોકી, વચનને શુભ પ્રવૃત્તિમાં જોડવા, **કાયવિનય** - કાયાની અશુભ પ્રવૃત્તિ રોકી, શુભ પ્રવૃત્તિમાં જોડવી, **લોકોપચારવિનય** - લોક વ્યવહાર અનુસાર વિનય કરવો.

## આઠમું સ્થાન

એકલવિહાર પ્રતિમા ધારક સાધુમાં આઠ ગુણ હોવા આવશ્યક છે. એકલ વિહાર કરનાર શ્રમણે પોતાના આત્મવિકાસની જવાબદારી પોતે જ વહન કરવાની હોય છે. તેની સફળતા માટે તેનામાં વિશેષ ગુણોની આવશ્યકતા રહે છે, યથા-શ્રદ્ધાવાન, સત્યવાદી, મેધાવી, બહુશ્રુત, શકિતમાન, અલ્પાધિકરણ, ધૃતિમાન, વીર્યસંપન્નતા, આ આઠ ગુણવાળી વ્યકિત એકાલવિહાર પ્રતિમા ધારણ કરી શકે છે. ★ આઠ પ્રકારના સૂક્ષ્મજીવો છે - **પ્રાણ સૂક્ષ્મ**–કુંથુ વગેરે પ્રાણી, **પનકસૂક્ષ્મ** - પંચવર્ણી લીલ ફૂગ, **બીજસૂક્ષ્મ** - રાજગરાના બીજ, ખસખસના દાણા વગેરે, **હરિતસૂક્ષ્મ** - બીજમાંથી અંકુરા ફૂટે તે, **પુષ્પસૂક્ષ્મ** - વડ, પીપળાના સૂક્ષ્મ પુષ્પ,

**અંડસૂક્ષ્મ** - માખી, કીડી આદિના સૂક્ષ્મ ઈંડા, **લયનસૂક્ષ્મ** - કીડીના દર વગેરે, **સ્નેહસૂક્ષ્મ** - ઝાકળ, ઠાર વગેરે પાણીના સૂક્ષ્મ જીવ. સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા સૂક્ષ્મ સ્થાવરકાય જીવોનું અહીં કથન નથી. આ આઠે પ્રકારના જીવો બાદર હોવા છતાં તેનું શરીર અતિ સૂક્ષ્મ હોવાથી તેને સૂક્ષ્મ કહ્યા છે. આ જીવો બેઠા હોય, ત્યારે દેખાતા નથી પણ હલનચલન કરે, તો જ દેખાય છે.

જંબૂદ્વીપની ગંગા, સિંધુ, રકતા, રકતાવતી, આ ચાર નદીઓની અધિષ્ઠાત્રી દેવીઓના દ્વીપ આઠ યોજન લાંબા–પહોળા છે. ★ કાલોદધિ સમુદ્ર તથા અર્ધપુષ્કર દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજનનો છે. ★ જંબૂવૃક્ષ તથા કૂટ શાલ્મલીવૃક્ષ સાધિક આઠ યોજન ઊંચું છે. ★ સીતા-સીતોદા નદીની ઉત્તરમાં અને દક્ષિણમાં આઠ-આઠ વિજય છે. ★ ભદ્રશાલ વનમાં આઠ દિશાહસ્તિ કૂટ (હાથી સમાન આકારવાળા શિખર પર્વત) છે. ★ સમતલ ભૂમિભાગથી (આપણી આ પૃથ્વીથી) ૮૦૦ યોજન ઊંચે સૂર્ય વિમાન પરિભ્રમણ કરે છે. ★ કેવળીસમુદ્‌ઘાતના આઠ સમય છે, પહેલાં સમયે દંડ કરે, બીજા સમયે કપાટ કરે, ત્રીજા સમયે મંથાન કરે, ચોથા સમયે લોક પૂરણ કરે,

પાંચમા સમયે લોક વ્યાપ્ત પ્રદેશોને સંહરે, છટ્ઠા સમયે મંથાન સંહરે, સાતમા સમયે કપાટ સંહરે અને આઠમા સમયે દંડ સંહરીને મૂળ શરીરમાં સ્થિત થાય છે.

## નવમું સ્થાન

બ્રહ્મચર્યની સુરક્ષા માટે નવગુપ્તિ ખેતરની વાડ સમાન છે. નવ વાડનું પાલન કરવાથી બ્રહ્મચર્યની સફળ આરાધના થાય છે. તે નવ વાડ આ પ્રમાણે છે - **(૧)** બ્રહ્મચારીએ સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનમાં શયનાસન કરવું. **(૨)** બ્રહ્મચારીએ વિષય બુદ્ધિથી સ્ત્રી સંબંધી કથાવાર્તા કરવી નહીં. **(૩)** બ્રહ્મચારીએ સ્ત્રીના આસન પર અંતર્મુહૂર્ત વ્યતીત થયા પહેલાં બેસવું નહીં. **(૪)** બ્રહ્મચારીએ સ્ત્રીના અંગોપાંગ નિરખવા નહીં, તેનું ચિંતન કરવું નહીં, **(૫)** બ્રહ્મચારીએ વિગય, મહાવિગય, વિકારવર્ધક આહાર કરવો નહીં. **(૬)** બ્રહ્મચારીએ અધિક માત્રામાં આહાર કરવો નહીં. **(૭)** બ્રહ્મચારીએ પૂર્વે ભોગવેલા કામભોગ સંભારવા નહીં. **(૮)** બ્રહ્મચારીએ મનોજ્ઞ શબ્દ-રૂપની અભિલાષા કરવી નહીં. **(૯)** બ્રહ્મચારીએ ઈન્દ્રિયજન્ય સુખમાં આસકત થવું નહીં.

પારમાર્થિક નવ પદાર્થો (તત્ત્વ) છે, યથા - જ્ઞાન

અને ઉપયોગથી યુકત, સુખ-દુઃખને જાણે તે **જીવતત્ત્વ,** જડલક્ષણવાળું **અજીવતત્ત્વ,** અન્યને સુખી કરવાની ભાવના અને તદનુરૂપ આચરણ તે **પુણ્યતત્ત્વ,** અન્યને પીડા પહોંચાડવાની ભાવના અને તદનુરૂપ આચરણ તે **પાપતત્ત્વ** છે, કર્મનું આવવું તે **આશ્રવતત્ત્વ,** આવતા કર્મને અટકાવવા તે **સંવરતત્ત્વ**, એક દેશથી કર્મોનો ક્ષય થવો તે **નિર્જરા તત્ત્વ,** કર્મપુદ્ગલોનું આત્મ પ્રદેશ સાથે જોડાવું તે **બંધતત્ત્વ** અને સંપૂર્ણ કર્મોનો ક્ષય થવો તે **મોક્ષતત્ત્વ** છે.

**૧.** આહારાદિની અનિયમિતતા, **૨.** વધુ ભોજન, **૩.** એક આસને લાંબો સમય બેસવું, **૪.** વધારે સૂવું, **૫.** વધારે જાગવું, **૬.** મળ–મૂત્રને રોકવા, **૭.** વધુ ચાલવું, **૮.** પ્રતિકૂળ ભોજન, અને **૯.** વિષયોનું અતિસેવન, આ નવ રોગોત્પતિના કારણ છે. નિરોગી રહેવા આ કારણોનો ત્યાગ જરૂરી છે.

ચક્રવર્તીની નવ નિધિઓ છે, તે નવ - નવ યોજન વિસ્તારવાળી હોય છે, યથા - **નૈસર્પનિધિ** - વાસ્તુશાસ્ત્ર સંબંધી સર્વવિધિનું જ્ઞાન, **પાંડુકવિધિ** - માપ-તોલ સંબંધી જ્ઞાન, **પિંગલનિધિ** - મનુષ્ય–પશુ આદિના આભૂષણો બનાવવાની, ઉપયોગ કરવાની વિધિનું જ્ઞાન, **મહાપદ્મનિધિ**

- વસ્ત્ર બનાવવા, રંગવા, ધોવાની વિધિનું જ્ઞાન, **સર્વરત્નનિધિ** - ચક્રાદિ ચૌદ રત્નો, અન્ય રત્નોની ઉત્પતિ વિષયક જ્ઞાન, **કાલનિધિ** - જયોતિષ જ્ઞાન, તીર્થંકરાદિના વંશની ઉત્પતિનું તથા સો પ્રકારના શિલ્પનું જ્ઞાન, **મહાકાલનિધિ** - મણિ, રત્નાદિ વગેરેની ખાણોની પ્રાપ્તિનું જ્ઞાન, **માણવકનિધિ** - શસ્ત્ર ઉત્પતિ, યુદ્ધનીતિનું જ્ઞાન, **શંખનિધિ** - ગીત, કાવ્ય, નાટક, વાજિંત્ર વિધિનું જ્ઞાન, તે-તે જ્ઞાન તે-તે નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે.

નવ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા પુણ્યોપાર્જન થાય છે, યથા - ભૂખ્યા પ્રાણી, મનુષ્યોને આહારાદિ આપવા, અન્નક્ષેત્ર ચલાવવા, કૂતરા ગાય, પશુઓને રોટલા, પક્ષીને ચણ નાંખવી વગેરે પ્રવૃત્તિઓ **અન્નપુણ્ય** છે, તરસ્યાને પાણી પીવડાવવું, પરબ બાંધવી, અવેડા બનાવવા વગેરે પ્રવૃત્તિ **પાણપુણ્ય** છે, અન્યને મકાન, આશ્રયસ્થાન, વિશ્રામસ્થાન આપવા તે **લયનપુણ્ય** છે, સુવા–બેસવાના સાધનોનું દાન કરવું તે **શયનપુણ્ય** છે, સુતરાઉ, ગરમ વગેરે પહેરવા-ઓઢવાના વસ્ત્રો આપવા તે **વસ્ત્રપુણ્ય** છે. જીવમાત્ર પ્રત્યે શુભ, સુખદાયી મનોભાવ રાખવા તે **મનપુણ્ય** છે, પ્રાણીઓને આનંદ થાય, સુખ ઉપજે, તેવા

મનોજ્ઞ શબ્દોનો પ્રયોગ કરવો તે **વચનપુણ્ય** છે, કાયા દ્વારા અન્યની સેવા કરવી, સહયોગ આપી શાતા પમાડવી તે **કાયપુણ્ય** છે, પૂજ્ય, વડિલ વ્યકિતને માન–સન્માન આપવું, નમસ્કારાદિ કરવા તે **નમસ્કારપુણ્ય** છે. આ નવ પ્રકારના કાર્ય અન્ય જીવ માટે શાતાજનક છે. તેનાથી સ્વાર્થવૃતિનો નાશ થાય છે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના તીર્થમાં ભગવાનની ઉપસ્થિતિમાં **શ્રેણિક રાજા**, ભગવાનના કાકા **સુપાર્શ્વ,** શ્રેણિકના પૌત્ર અને કોણિકના પુત્ર **ઉદાયી રાજા, પોટિલ્લ અણગાર, દ્રઢાયુ, શંખ શ્રાવક, શતક શ્રાવક, સુલસા શ્રાવિકા, રેવતી શ્રાવિકા,** આ નવ જીવોએ તીર્થંકરનામ કર્મનો બંધ કર્યો. ★ શ્રેણિક રાજાનો જીવ નરકમાંથી નીકળી આગામી ઉત્સર્પિણી કાળમાં આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સન્મતિકુલકર અને ભદ્રા માતાના મહાપદ્મ નામના પુત્ર રૂપે જન્મ ધારણ કરશે. ત્રીસ વર્ષ ગૃહવાસમાં રહી સુભૂમિભાગ ઉદ્યાનમાં સંયમનો સ્વીકાર કરી, સાતિરેક બાર વર્ષ સાધના કરી કેવળજ્ઞાન પામી, તીર્થની સ્થાપના કરશે. કાંઈક ન્યૂન ત્રીસ વર્ષ સુધી તીર્થંકરપણે વિચરી ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવી સિદ્ધ થશે.

## દશમું સ્થાન

ક્ષમા–શાંતિ, નિર્લોભતા, સરળતા, મૃદુતા, લઘુતા, સત્ય, સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્યવાસ આ દશ પ્રકારના શ્રમણધર્મ છે ★ વૈયાવચ્ચ આભ્યંતર તપ છે. પ્રસન્નચિત્તે સેવા કરનાર વ્યકિત અનંત કર્મોની નિર્જરા કરે છે. વૈયાવચ્ચના દશ પ્રકાર છે. યથા–આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, બીમાર, નવદીક્ષિત, કુળ, ગણ સંઘ અને સાધર્મિકની સેવા કરવી. ★ પ્રત્યાખ્યાનના દશ પ્રકાર છે - (૧) ભવિષ્યમાં કરવાના તપને પહેલાં કરી લેવું (૨) ભૂતકાલમાં કરવાનું હતું તે તપ કોઈ કારણથી રહી ગયું હોય, તો તે પછી કરવું (૩) એક પ્રત્યાખ્યાન પૂર્ણ થાય તે જ દિવસે અન્ય પ્રત્યાખ્યાન લઈ લેવા (૪) નિશ્ચિત દિવસે જ તપ કરવું (૫) આગાર–છૂટ સહિત પચ્ચક્ખાણ કરવા (૬) આગાર વિના પચ્ચક્ખાણ કરવા (૭) દ્રવ્ય આદિની મર્યાદા સહિત પચ્ચક્ખાણ કરવા. (૮) સમય મર્યાદાપૂર્વક ચારે આહારના સર્વથા પચ્ચક્ખાણ કરવા (૯) મુટ્ટી, અંગુઠી, ગાંઠ, નમસ્કારમંત્ર બોલવા આદિ પ્રત્યાખ્યાન પૂર્ણ કરવાના સંકેતપૂર્વક પચ્ચક્ખાણ કરવા. (૧૦) પોરસી, બે પોરસી વગેરે કાળ નિયત કરી પચ્ચક્ખાણ કરવા. ★ સરાગ

સમ્યગ્દર્શનના દસ પ્રકાર છે. આ દસ પ્રકારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. **નિસર્ગરુચિ** - બાહ્ય નિમિત્ત વિના સ્વભાવથી ઉત્પન્ન થાય તે, **ઉપદેશરુચિ**- ગુરુ આદિના ઉપદેશથી ઉત્પન્ન થાય તે, **આજ્ઞારુચિ** - તીર્થંકર પરમાત્માની આજ્ઞાના સ્વીકારથી ઉત્પન્ન થાય તે, **સૂત્રરુચિ** - સૂત્ર (શાસ્ત્ર) ના અધ્યયનથી ઉત્પન્ન થાય તે, **બીજરુચિ** - એક વચનના શ્રવણ-મનનથી અનેક અર્થોના બોધથી ઉત્પન્ન થાય તે, **અભિગમરુચિ** - સૂત્રના અર્થ, મર્મ સમજવાથી ઉત્પન્ન થાય તે, **વિસ્તારરુચિ** - સર્વ દ્રવ્ય પર્યાય, પ્રમાણ–નયના વિસ્તારપૂર્વકના અધ્યયનથી ઉત્પન્ન થાય તે, **ક્રિયારુચિ** - ક્રિયા-અનુષ્ઠાન, આચરણથી ઉત્પન્ન થાય તે, **સંક્ષેપરુચિ** - સ્વલ્પજ્ઞાન હોવા છતાં હાર્દિક શ્રદ્ધાથી ઉત્પન્ન થાય તે અને **ધર્મરુચિ** - શ્રુતધર્મ, ચારિત્ર ધર્મની દૃઢ શ્રદ્ધાથી ઉત્પન્ન થાય તે સમ્યગ્દર્શન.

**આ અવસર્પિણીકાળમાં દશ આશ્ચર્યકારી ઘટના ઘટિત થઈ છે.**

**૧.** ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ઉપસર્ગ આવ્યો, **૨.** મહાવીર સ્વામીના ગર્ભનું સંહરણ થયું, **૩.** મહાવીર સ્વામીની પ્રથમ દેશના ખાલી ગઈ, કોઈએ વ્રત-પ્રત્યાખ્યાન ન કર્યા, **૪.** મહાવીર

સ્વામીના સમવસરણમાં (દર્શન કરવા) ચંદ્ર–સૂર્ય વિમાન સહિત (મૂળ રૂપે) આવ્યા, **૫.** મહાવીર સ્વામીનો આશ્રય લઈ ચમરેન્દ્રે સૌધર્મ દેવલોકમાં ઉત્પાત મચાવ્યો. **૬.** મલ્લીનાથ ભગવાન સ્ત્રીપણે થયા, **૭.** વાસુદેવ– વાસુદેવનું શંખધ્વનિના માધ્યમે મિલન થયું, **૮.** હરિવર્ષક્ષેત્રના યુગલિકથી હરિવંશ કુળની ઉત્પતિ થઈ, **૯.** એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ઋષભદેવ ભગવાન આદિ ૧૦૮ સિદ્ધ થયા, **૧૦.** સાત તીર્થંકરો (૯ થી ૧૬) નું શાસન વિચ્છેદ પામતા અસંયતિની પૂજા થવા લાગી.

# શ્રી આગમ સૂત્ર

### ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

### ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

### ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

### ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

## પ્રકાશક

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા

શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

## સૌજન્ય

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે

માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા

સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા

શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા

શ્રીમતી હિના નિમેષ કોઠારી

## પ્રાપ્તિ સ્થાન

શ્રી મિલન અજમેરા

૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ, સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ - 9825193988


◆ કિંમત રૂ. ૩૦૦/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-